અપીલ અરજી નં.૧૮૫ તા.૯–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ભરતસિંહ વિજયસિંહ પરમાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભરતસિંહ વિજયસિંહ પરમારની તા.૧૭–૬–૧૦ ની અરજીથી (૧)રાજ ઈન્ડસ્ટ્રીયલ માં વેચાણ થયેલ પ્લોટના વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ નોંધના આધારે ટ્રાન્સફર થયેલ પ્લોટોની માહિતી વર્ષ પ્રમાણે આપવા વિનંતી. ૧૯૯૫ થી ૨૦૧૦ સુધીના તમામ ટ્રાન્સફરની તારીખ અને વેચાણ દસ્તાવેજના નંબર સાથે લેનાર વેચનારની નામની માહિતી. (૨) રાજ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારોના પાવર ઓફ એર્ટનીની કોપી વેચનાર તથા લેનારના પાવર ઓફ એટર્ની તથા તમામ પુરાવાઓની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૯–૯–૧૦ ની **SMC/FAP/** નં.૧૮૫/૨૦૧૦–૧૧

શ્રી ભરતસિંહ વિજયસિંહ પરમારની તા.૧૭–૬–૧૦ ની અરજીથી (૧) રાજ ઈન્ડસ્ટ્રીયલ માં વેચાણ થયેલ પ્લોટના વેચાણ દસ્તાવેજના આધારે વેચાણ નોંધના આધારે ટ્રાન્સફર થયેલ પ્લોટોની માહિતી વર્ષ પ્રમાણે આપવા વિનંતી. ૧૯૯૫ થી ૨૦૧૦ સુધીના તમામ ટ્રાન્સફરની તારીખ અને વેચાણ દસ્તાવેજના નંબર સાથે લેનાર વેચનારની નામની માહિતી.(૨) રાજ ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારોના પાવર ઓફ એટર્નીની કોપી વેચનાર તથા લેનારના પાવર ઓફ એટર્ની તથા તમામ પુરાવાઓની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ (આરટીઆઈ)/ ૧૧૦ તા.૧૨–૮–૧૦ થી આપેલ માહિતી માંગવામાં આવેલ માહિતી આપેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અરજદારના દાવાનુસાર ત્રાહિતના હિત સામે જાહેરહિતની અગત્યતા ધ્યાને લઈ જાહેર હિતમાં માહિતી આપી શકાય તેવો કેસ છે કે કેમ? તે અંગે આપનો પક્ષ રજૂ કરવા તેમજ મુદ્દા નં.૧ અંગે દફતરી વિગતે નામ તબદીલીની વિગતો જે જાહેર દફતર છે તે પૈકી અપાયેલ છે કે કેમ? ન આપવા અંગે કયો અપવાદ લીધેલ છે તે પણ જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૦૮ તા.૧૬–૯–૧૦ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને તથા અરજદારને અપીલ અરજીમાં જાહેર હિત પ્રસ્થાપિત કરતો તેમનો પક્ષ આધાર સહ રજુ કરવા તથા ત્રાહિત વ્યકિત પ્રમુખ રાજ ઈન્ડ.સોસા. ભેસ્તાનને અપીલ અરજીમાં માહિતી જાહેર કરવાથી તેમને થતા નુકશાનની બાબતે સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસધાને જાહેર અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૨૫૬ તા.૪–૧૦–૧૦ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ ત્રાહિત પક્ષકારને તેમના દસ્તાવેજ બાબતે વિગતો આપવી કે કેમ? તે અંગે કલમ–૧૧ હેઠળ પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૭ તા.૬–૮–૧૦ ના પત્રની નકલ, રાજ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખની લેવામાં આવેલ વાંધા અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિત બાબતે લીધેલા નિર્ણય અંગે અરજદારને પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૦ તા.૧૨–૮–૧૦ ના પત્રની નકલ, તથા તે યુપીસી કર્યા અંગેના પુરાવાની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૫–૫–૧૦ નો રજૂઆત પત્ર મળેલ છે.

અરજદારની તા.૧૭–૬–૧૦ ની અરીજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળ માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સમગ્ર રાજ ઈન્ડ. સોસા.ની માહિતી માંગી હોય તે ત્રાહિત પક્ષકારોને લગતી માહિતી હોય સમગ્ર પ્લોટ હોલ્ડરોને બદલે સોસા.ના પ્રમુખ હૈદરભાઈ નાતાલીને કલમ–૧૧ હેઠળ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૮૭ તા.૬–૮–૧૦ થી પત્ર પાઠવી માહિતી આપવા સંબધે અભિપ્રાય મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને પ્રમુખશ્રી રાજ ઈન્ડ. સોસા., ભેસ્તાન વતી તેઓએ અરજદારનું કોઈ લાગભાગ કે હિત સમાયેલ ન હોય તેમજ સમગ્ર સોસા.ના પ્લોટ હોલ્ડરો વતી ત્રાહિત પક્ષકાર તરીકે વિરોધ નોંધાવી માહિતી નહીં આપવા જણાવેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી કલમ–૧૧(૨) હેઠળ નિર્ણય લઈ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૧૦ તા.૧૨–૮–૧૦ થી માહિતી/દસ્તાવેજો રાજ ઈન્ડ. સોસા.ના પ્રમુખે ત્રાહિત પક્ષકાર તરીકે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે જેથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી/નકલો આપવા અંગે ઈન્કાર કરું છું તેવું જાહેર માહિતી અધિકારીએ અરજદારને જણાવેલ છે. સબબ માહિતીથી નારાજ થઈ અરજદારે તા.૯–૯–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે સરકારી રજીસ્ટરમાંથી આપવાની માહિતી અંગે ત્રાહિત વ્યકિત વાંધો લઈ શકે તેમ ન હોય તેમ છતાં ત્રાહિત વ્યકિતનો વાંધો છે તે ગેરવાજબી કારણો હેઠળ અરજદારની અરજીની માંગવામાં આવેલી માહિતી આપવામાં આવેલ નથી અને ત્રાહિત વ્યકિતને બોલાવીને તેની પાસેથી

માહિતી લેવાની રહેતી નથી કે જેથી તે આપવા માટે તેની પરવાનગી માહિતી અધિકારીએ લેવી પડે છે. તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૮ તા.૧૬–૯–૧૦ થી અરજદારને જાહેર હિત પ્રસ્થાપિત કરતો તેમનો પક્ષ આધારસહ રજૂ કરવા જણાવેલ. જેમાં અરજદારે તા.૫–૧૦–૧૦ ના પત્રથી આ પ્લોટ સામે પોલીસ ફરીયાદ થઈ છે જે અંગે સચીન પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર. નં.૧૮૯/૨૦૧૦ છે અને સદર ગુનામાં સરકાર સાથે ૨૫ કરોડની છેતરપીંડી થયેલ છે નામદાર ગુજરાત હોઈકોર્ટ અને સુપ્રિમકોર્ટમાં પણ "અમે રજૂ કરવાના છીએ " તથા તમામ દસ્તાવેજ પબ્લીક રેકર્ડ છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિતની કલમ–૧૧ હેઠળ પરવાનગી અંગેની કાર્યવાહી કરેલ છે અને તેમનો નિર્ણય તે બાબતે અરજદારને જણાવેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારીએ ત્રાહિત વ્યકિત તરીકે આકારણી દફતરે જે પ્લોટ હોલ્ડરો છે તેમને પક્ષકાર બનાવેલ નથી પરંતુ તમામ વતી ફકત પ્રમુખને ત્રાહિત પક્ષકાર તરીકેની કાર્યવાહી કરેલ છે. આથી તેમના પ્લોટ પૂરતી દસ્તાવેજ કે પાવર ઓફ એટર્નીની નકલના હેતુ સારુ તેટલા અંશે ગ્રાહય રાખી શકાય પરંતુ બાકીના પ્લોટ હોલ્ડરો અંગે કલમ–૧૧ મુજબ કાર્યવાહી કરી નિર્ણય લેવાનો રહે. તે સિવાયની આકારણી દફતરે સને ૧૯૯૫ થી ૨૦૧૦ સુધી થયેલ ટ્રાન્સફર એન્ટ્રી અંગેની અરજીથી ટ્રાન્સફર થયા સુધીની કાર્યવાહીના તુમારોની દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવાની રહે જે જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ નથી.

અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અપીલની કાર્યવાહી દરમ્યાન અત્રેથી પણ કહેવાતા ત્રાહિત પ્રમુખ રાજ ઈન્ડ.સોસાયટીને પણ પત્ર પાઠવી માહિતી જાહેર કરવાથી તેમને થતાં નુકશાન અંગે રજૂઆત કરવા તક આપવામાં આવેલ પરંતુ અપીલ તબકકે તેઓ તરફથી કોઈ રજૂઆત થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૬–૧૦ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી સને ૧૯૯૫ થી ૨૦૧૦ સુધી આવેલ ટ્રાન્સફર અરજીથી ટ્રાન્સફર થયા સુધીની કાર્યવાહીના તુમારોની દફતરી ઉપલબ્ધ નહીં પૂરી પડાયેલી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા તથા દસ્તાવેજ કે પાવર ઓફ એટર્નીને લગતી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી અંગે પ્લોટ હોલ્ડરની માલીકી કે મિલ્કત ધારણ કર્તાના હક મુજબ કલમ–૧૧ હેઠળ કાર્યવાહી કરી નિર્ણય જણાવવા અથવા તો તેવી માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ દિન–૧૫ માં પૂરી પાડવા તેમજ થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી ભરતસિંહ વિજયસિંહ પરમાર,
(૩) શ્રી મહમદ અકબર નાતાલી પ્રમુખશ્રી,